૨૦૦૯

વિશ્વાસુપણાનું વર્ષ

www.blessingyouthmission.org

BLESSING-GUJARATI

# આશીર્વાદ

એપ્રિલ ૨૦૦૯

સંગ્રહ ૫

સળંગ અંક ૪૬

''પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો,
આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.''
(યશાયા ૫૩ : ૫)




# હોસાન્ના થી હાલેલુયા

પવિત્ર (દુ:ખસહન) સપ્તાહ દરમ્યાનની (આત્મિક) મુસાફરી દ્વારા જીવંત સ્તુતિ-આરાધનાના બોધપાઠ

# હોસાન્ના થી હાલેલુયા!

આર. સ્ટેન્લી

ખજૂરીના રવિવારથી ઈસ્ટરના રવિવાર સુધી બનેલા બનાવો આપણને સ્તુતિ-આરાધના વિષે ઘણું શીખવે છે. પવિત્ર (દુઃખસહન) સપ્તાહ હોસાન્નાના ગીતથી શરૂ થાય છે અને હાલેલુયાના પોકાર સાથે સર્વોચ્ચ (અંતિમ) સ્થાને પહોંચે છે. ખ્રિસ્તના પૃથ્વી પરના જીવનમાં કોઈ એવું સપ્તાહ નથી જે સ્તુતિ આરાધનાના ઘણા પાઠો શીખવતું હોય. આ અભ્યાસ સર્વ સમર્થની સ્તુતિ-આરાધના કરવાની આપણી સમજને વધુ સક્ષમ બનાવે!

**રવિવાર**

**(૧) "પરમ ઊંચામાં હોસન્ના!"**

તે પ્રભુ ઈસુ પોતે હતા જેમણે યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો. તેમણે પોતાના શિષ્યો દ્વારા સવારી માટે - "ગધેડી અને વછેરા"-ની વ્યવસ્થા કરી (માથ્થી ૨૧:૧-૩). ઈશ્વર જ હંમેશા આપણને તેમની સ્તુતિ-આરાધના કરવા પ્રથમ પ્રોત્સાહન આપે છે. એનો મતલબ એ નથી કે તે સ્વાર્થી છે. હકીકતમાં આપણી સ્તુતિ-આરાધના દ્વારા તેમના (હોવા/અસ્તિત્વ)માં કાંઈ ઉમેરો થવાનો નથી (પ્રે.કૃ.૧૭:૨૫). તે તેમના પોતાનામાં સંપૂર્ણ રીતે સંપૂર્ણ છે. તેમની સ્તુતિ-આરાધના કરવા આપણને બોલાવીને, તે ખરેખર તો આપણને તેમની સાથે સંગતમાં રહેવા અને તેમને ઓળખવાની તક આપે છે. ઈશ્વર પોતાના સ્વભાવમાં સ્વ-પ્રગટ થનાર છે.

ખ્રિસ્તી જીવનમાં દરેક બાબત ઈશ્વર પ્રતિ પ્રતિભાવ છે. તે જે કહે છે તે પર વિશ્વાસ કરવો અને તે જે આજ્ઞા આપે તે પ્રમાણે કરવું. નહિ તો આપણી ઈશ્વર વિદ્યા માનવ-કેન્દ્રિત છે. સ્તુતિ-આરાધના માટેની મારી ગુણવત્તાનો આધાર હું તે માટે ઈશ્વર તરફથી કેટલી મદદ મેળવું છું તેના પર રહેલો છે. એટલા માટે જ દાઉદ પ્રાર્થના કરે છે, "હે પ્રભુ, તું મારા હોઠ ઉઘાડ; એટલે મારું મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે" (ગી.શા. ૫૧:૧૫). અને પાઉલ નિશ્ચિતપણે કહે છે, "ઈસુ પ્રભુ છે, એમ કોઈ માણસ પવિત્ર આત્મા(ની પ્રેરણા) વગર કહી શકતો નથી." (૧ કરિંથી ૧૨:૩ બ).

ઈશ્વર તરફથી થતું પોતાના વિષેનું દરેક પ્રક્ટીકરણ એ સ્તુતિ-આરાધના કરવાનું આમંત્રણ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત તે સમય સુધી તો (લોકોમાં) ફક્ત ઉત્તમ શિક્ષક અને ચમત્કાર કરનાર તરીકે જાણીતા હતા. પણ હવે લોકો સમજ્યા હતા કે તે રાજા છે! "સિયોનની દીકરીને એમ કહો કે, જો, તારો રાજા તારી પાસે આવે છે!" (માથ્થી ૨૧:૫ અ). આ ભવિષ્યકથનના પ્રક્ટીકરણ વગર (ઝખાર્યા ૯:૯) તેઓ તેને (મળવાનું) ચૂકી જાત, કારણ કે તેઓએ સ્વાભાવિક રીતે જ ઘોડા પર સવાર થયેલ રાજાની અપેક્ષા રાખી હોત અને નહિ કે ગધેડા પર! અહીં એ કારણ પડેલું છે કે જો આપણી સ્તુતિ-આરાધના સાચી છે તો શા માટે આપણે આપણી જાતને ઈશ્વરના વચનોથી ભરી (તરબોળ કરી) દેવી જોઈએ. "હું... ભજન કરીશ... તારું નામ... કેમકે સર્વ કરતાં તેં તારા નામનું માહાત્મ્ય વધાર્યું છે!" (ગી.શા. ૧૩૮:૨).

બીજો મહત્વનો બોધપાઠ આપણે ખજૂરીના રવિવારે જે થાય છે તેનાથી શીખીએ છીએ અને તે એ છે કે સ્તુતિ-આરાધનાની બાબતમાં બાળકોની કદી પણ અવગણના થવી ન જોઈએ. બાળકોના હોસાન્ના(પોકારો)થી ધાર્મિક આગેવાનો આકુળ વ્યાકુળ થઈ ગયા હતા. કદાચ તેઓના પોકારો દેવળમાં થતી ધાર્મિક ભક્તિ-સભા જેવા પુરતા સુઆયોજીત નહિ હોય. પરંતુ પ્રભુ ઈસુ તેઓને ઠપકો આપીને યાદ દેવડાવે છે કે, "બાળકોનાં તથા ધાવણાંઓના મોંથી તેં સ્તુતિ સંપૂર્ણ કરાવી છે, એ શું તમે કદી નથી વાંચ્યું છે?" (માથ્થી ૨૧:૧૫,૧૬; ગી.શા. ૮:૨). આપણા બાળકોને ભક્તિસભાઓમાં - સંગતોમાં મુક્ત રીતે (પ્રભુ સ્તુતિના ગીતો) ગાવા અને (હોસાન્ના) પોકારો મોટેથી કરવા પ્રોત્સાહન આપવું જોઈએ. તે આપણી સ્તુતિ અને આરાધના સુવાસિત વધુ અને ઔપચારિક ઓછી બનાવશે.

ચારે સુવાર્તાના લેખકોમાંથી ફક્ત યોહાન એકલો જ એ દર્શાવે છે કે લોકો જ્યારે હોસાન્ના - શુભેચ્છા સાથે પ્રભુ ઈસુને મળવા બહાર ગયા ત્યારે તેઓએ પોતાના હાથમાં ખજૂરીની ડાળીઓ લીધી હતી (યોહાન ૧૨:૧૨,૧૩). સ્વર્ગીય સંદર્શનોમાં પણ યોહાને અસંખ્ય હોસાન્ના-ગાનારાઓના હાથમાં ખજૂરીની ડાળીઓ જોઈ (પ્રક્ટી. ૭:૯,૧૦). આ બાબત આપણને એ શીખવે છે કે જ્યારે આપણે ઈશ્વરની સ્તુતિ ફક્ત ફરજ તરીકે નહિ પણ આનંદથી ઉજવણી તરીકે કરીએ છીએ, ત્યારે તે આપણને પૃથ્વી પર સ્વર્ગનો પ્રાથમિક આસ્વાદ (અનુભવ) કરાવે છે.

**સોમવાર**

**(૨) "જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને...મરી જાય..."**

જેઓ યરૂશાલેમમાં પર્વમાં "ભજન" કરવાને આવ્યા હતા, તેઓમાંના કેટલાએક ગ્રીક લોકો હતા (યોહાન ૧૨:૨૦). પ્રભુ ઈસુ વિષે સાંભળીને તેઓ તેમને મળવાની ઈચ્છા રાખતા હતા. ફિલિપ અને આન્દ્રિયા આ સંદેશો પ્રભુ ઈસુ પાસે લાવે છે. જવાબમાં પ્રભુ ઈસુ કહે છે, "માણસના દીકરાને મહિમાવાન થવાની ઘડી આવી છે... જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને મરી નહિ જાય, તો તે એકલો રહે છે; પણ જો તે મરી જાય, તો તે ઘણાં ફળ આપે છે" (કલમ ૨૧-૨૪).

પ્રભુ ઈસુએ ગ્રીક લોકોને આપેલો જવાબ વિચિત્ર અને અયોગ્ય લાગે છે. પરંતુ પ્રભુ ઈસુ જાણતા હતા કે તે શું વાત કરી રહ્યા હતા. એટલા માટે જ તેમના કથનનો પારંભિક ભાગ આ પ્રમાણે હતો, "હું તમને ખચીત ખચીત કહું છું..." (યોહાન ૧૨:૨૪). ગ્રીક લોકો પોતાના જ્ઞાન અને વિદ્વતાને માટે જાણીતા હતા અને તેથી કદાચ તેઓ પ્રભુ ઈસુને વ્યક્તિગત રીતે સાંભળવા માગતા હતા કારણકે તેમના શિક્ષણ અને જ્ઞાને લોકોને જાગૃત કર્યા

હતા અને વિરોધીઓને શાંત કર્યા હતા. તેઓ તેમને "આદર" આપવા માગતા હતા, પણ પ્રભુ ઈસુ ઈચ્છતા હતા કે તેઓ તેમની "સ્તુતિ" કરે. જ્યારે ફિલિપ અને આન્દ્રિયાએ ગ્રીક લોકોની આ ઈચ્છા વિષે પ્રભુ ઈસુને જણાવ્યું, ત્યારે પ્રભુ ઈસુના જવાબનું પહેલું કથન આ હતું કે, "માણસના દીકરાને મહિમાવાન થવાની ઘડી આવી છે" (ક.૨૩). આ મહિમાવંત થવું ફક્ત તેમના મૃત્યુ અને પુનરુત્થાન વગર શક્ય ન હતું જેવી રીતે એક દાણો મરી જાય છે અને તેનો છોડ ઊગીને વૃદ્ધિ પામે છે.

આ પશ્ચાદભૂમિકામાં પાઉલે કરિંથની મંડળીના લોકોને આપેલો સંદેશો આપણે વધારે સારી રીતે સમજીએ છીએ. "ગ્રીક લોકો જ્ઞાન શોધે છે; પણ અમે તો વધસ્તંભે જડાયેલા ખ્રિસ્તને પ્રગટ કરીએ છીએ!" (૧ કરિંથી ૧:૨૨,૨૩). સ્તુતિ-આરાધના કરવા માટે આપણે પ્રભુ ઈસુને માંસ અને રક્તના બનેલા શરીરના ૩૩ વર્ષના એક યહુદી તરીકે યાદ કરવાના નથી. એટલા માટે પ્રભુ ઈસુના કોઈ ચિત્રો રાખવાની ખરેખર જરૂર નથી. પાઉલ સ્પષ્ટતા કરે છે, "જો કે અમે ખ્રિસ્તને બહારના દેખાવ પરથી ઓળખ્યો હતો, તો પણ હવે થી (તેને એમ) ઓળખતા નથી" (૨ કરિંથી ૫:૧૬).

પોતાના મરણ અને પુનરૂત્થાનના સંદર્ભમાં વાત કર્યા પછી, પ્રભુ ઈસુ સ્વ-નકાર વિષેનું શિક્ષણ આપે છે (યોહાન ૧૨:૨૫). સાચી સ્તુતિ-આરાધના એ છે જેમાં આપણી અપાત્રતા અને પ્રભુની સર્વોચ્ચ પાત્રતા વિષે આપણે સભાન હોઈએ. તે તો આપણે કંઈ જ નથી અને પ્રભુ જ સર્વસ્વ છે તેનું ભાન કરાવે છે. તે તો પોતાને "ના" કહેવું અને પ્રભુને "હા" કહેવું તે છે. તે શરણાગતિ છે. તે સમર્પણ છે. જીવનને વેદી પર રેડી દેવું એ સુવાસિત સ્તુતિ-આરાધના છે. તે તો આપણા આત્માના વહાલા માટે કંઈક કરવાની તૈયારી છે. તે તો (આપણી અને પ્રભુની) વચ્ચે સ્વને આવવા દેવાનો નકાર છે.

ગમે તે ભોગે ઈશ્વરને અનુસરવું એ જ (ઈશ્વરને) સ્વીકાર્ય સ્તુતિ-આરાધના છે. પ્રભુ ઈસુ આગળ કહે છે, "જો કોઈ મારી સેવા કરતો હોય, તો તેણે મારી પાછળ ચાલવું" (યોહાન ૧૨:૨૬). ઈબ્રાહિમને માટે સ્તુતિ-આરાધના એટલે ઈશ્વર બતાવે તે પહાડ પર જઈને પોતાના દીકરાનું દહનાર્પણ કરવું (ઉત. ૨૨:૨,૫). તે તો વધસ્તંભે જડાયેલા (ઈસુ) સાથેની સંગતનું સ્થાન છે. આપણે ખાલી (હાથે) પાછા ફરવાના નથી. "જો કોઈ મારી સેવા કરતો હોય, તો બાપ તેને માન આપશે." ઈબ્રાહિમ"યહોવા-યિરેહ" (ઈશ્વર પૂરુ પાડનાર છે) ના પોકારો સાથે આનંદ કરતો પાછો ફર્યો! (યોહાન ૮:૫૬; ઉત. ૨૨:૧૪).

ફિલિપ અને આન્દ્રિયા સાથે પ્રભુ ઈસુ જ્યારે સ્વ-નકારના આ શબ્દો બોલી રહ્યા હતા, ત્યારે તે પોતાના માનવીય ગુણ (સ્વભાવ)માં તે જે કંઈ સહન કરવાના હતા તે વિષે વિચારતા એકાએક આત્મિક દુ:ખમાં સરી પડ્યા. તે કબૂલ કરે છે, "હવે મારો જીવ વ્યાકુળ થયો છે; હું શું કહું? હે બાપ, મને આ ઘડીથી બચાવ" (યોહાન ૧૨:૨૭). ચિંતા (કે દુ:ખ) ને (પોતાના હૃદયમાં) સ્થાન આપવાને બદલે, તે સ્તુતિ-આરાધના કરવા લાગે છે : "હે બાપ, તારા નામનો મહિમા (પ્રગટ) કર!" (ક.૨૮). મિત્ર, તમારા દુ:ખો (શોક)ને વેડફી ન નાખશો! તેઓને (આનંદ સહિત પ્રભુની સ્તુતિના) ગીતોમાં ફેરવી નાંખો! દુ:ખની પળોમાં તમે ઈશ્વરની સ્તુતિ કરતા હો તેવું કદાચ તમને નહિ લાગે. પણ ગમે તે રીતે તે કરો! તો પછી તમે બાકા(રૂદન)ની ખીણને બારાબાહ (આશીર્વાદ)ની ખીણમાં બદલી (ફેરવી) નાખશો (ગી.શા. ૮૪:૬; ૨ કાળ. ૨૦:૨૬).

**મંગળવાર**

**(૩) તેણે (વિધવાએ) પોતાની પાસે હતું તે સઘળું આપી દીધું!**

પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને પોતાની પાસે બોલાવ્યા અને તેઓને કહ્યું કે, "હું તમને ખચીત કહું છું કે, ભંડારમાં એ સર્વ નાખનારા કરતાં આ દરિદ્રી વિધવાએ વધારે નાખ્યું છે. કેમકે તે સઘળાંએ પોતાના ભરપૂરપણામાંથી નાખ્યું; પણ એણે પોતાની તંગીમાંથી પોતાનું સર્વસ્વ, એટલે પોતાની સર્વ ઉપજીવિકા નાખી" (માર્ક ૧૨:૪૩,૪૪).

આપણી પાસેનું જે છે તે ઈશ્વરને આપવું એ સ્તુતિ-આરાધનાની સૌથી શ્રેષ્ઠ વ્યવહારુ અભિવ્યક્તિઓમાંની એક છે. "પૈસો બધી બાબતો બનાવી (ખરીદી) શકે છે." "પૈસો જ સર્વસ્વ છે." પૈસા માટે માણસજાતની આ કહેવતો છે. એટલા માટે જ બાઈબલ આપણને ચેતવણી આપે છે કે દ્રવ્યનો લોભ (પૈસા પરનો પ્રેમ) સઘળા પ્રકારનાં પાપનું મૂળ છે (૧ તિમોથી ૬:૧૦). દ્રવ્યના લોભથી છૂટકારો મેળવવો એ આત્માના તારણ જેટલું સારું છે. તે એક "પરીક્ષણ" છે જેના પર વિજય મેળવવાનો છે, તે એક "ફાંદો" છે જેમાંથી નાસી (છટકી) જવાનું છે, તે એક "મુર્ખામી" છે જેનો ત્યાગ કરવાના છે, તે એક "નાશકારક" તૃષ્ણા (વાસના) છે જેનાથી દૂર રહેવાનું છે, તે એક "વિનાશ" છે જેનાથી ડરવાનું છે, અને તે એક "અધોગતિ (અનંતકાળિક શિક્ષા)" છે જેનાથી નાસી જવાનું (બચવાનું) છે (ક.૯).

ઈશ્વર આપણને ધન-સંપત્તિ આપે છે અને જુએ છે કે આપણે તેનો કેવી રીતે ઉપયોગ કરીએ છીએ. પ્રભુ ઈસુ ખાસ હેતુથી ખજાના (દાન પેટી)ની સામે જ બેઠા હતા અને લોકો તેમાં કેવી રીતે દાન નાખે છે તે જોતા હતા (માર્ક ૧૨:૪૧). મંડળી આપણે કેટલું આપીએ છીએ એની નોંધ રાખે છે, પણ પ્રભુ કેટલું પાછું (બાકી) રાખવામાં આવ્યું છે તે ગણે છે. જ્યારે આપણે કેટલું પાછું (બાકી) રાખીએ છીએ તે જેટલું ઓછું ને ઓછું થશે ત્યારે આપણે સ્તુતિ-આરાધનાની સીડીમાં વધારે ઊંચા ને ઊંચા જઈશું. આ સત્ય મકદોનિયાના ખ્રિસ્તી લોકોનું દૃષ્ટાંત આપીને સમજાવેલ છે. તેઓની "ભારે દરિદ્રતા" "તેઓની ઉદારતારૂપી સમૃદ્ધિ"માં પરિણમીને પુષ્કળ વધી ગઈ (૨ કરિંથી ૮:૨). આ બાબતની સમાલોચના કરતાં પાઉલ કહે છે, "તેઓએ...પ્રભુને... પોતાને સોંપ્યા!" (ક.૫). શુદ્ધ સ્તુતિ-આરાધના! ત્યાગ (બલિદાન)ની ભાવનાથી આપવું - મતલબ કે, પોતાની શક્તિ ઉપરાંત આપવું

*(ક.૩) - ખ્રિસ્તના શરીર (મંડળી)ના એક અંગ (સભ્ય) અથવા એક ભાગ (જૂથ) દ્વારા સાતત્ય જાળવીને આપવું - એ ઈશ્વરની આભાર સ્તુતિના વધુને વધુ અર્પણો ચઢાવવા માટેનું કારણ બની અસર કરે છે! (૯:૧૧,૧૨). એમાં કોઈ આશ્ચર્ય નથી કે જેઓ ઈશ્વરને ખુશીથી આપે છે અને ખેદ (કે ગણતરી કે ફરજીયાતપણા) થી નહિ તેઓને ઈશ્વર ચાહે છે (૯:૭).*

**મંગળવાર**

**(૪) "એ નુકશાન શા માટે?"**

*સુવાર્તાઓએ બે સ્ત્રીઓના સ્તુતિ-આરાધનાના કૃત્યોની નોંધ લીધી છે જે બંને મંગળવારને દિવસે થયેલા. એક ગરીબ વિધવા હતી અને બીજી મરિયમ હતી. કદાચ ઈશ્વરે પોતાના સર્વોચ્ચ જ્ઞાનથી આ બે બનાવોને ગોઠવ્યા હશે જેથી તેમના પુત્ર જે પોતાની જાતને સૌથી ક્રૂર મરણ માટે તૈયાર કરી રહ્યા હતા તેમને હિંમત મળે.*

*આપણે મરિયમના પ્રભુ ઈસુ પરના અતિ મૂલ્યવાન અત્તર રેડવાના કૃત્ય વિષે પૂરતું અને વધુ સાંભળ્યું છે અને વાંચ્યું છે (માથ્થી ૨૬:૬-૧૩; માર્ક ૧૪:૩-૯;યોહાન ૧૧:૨). પરંતુ જ્યાં સુધી આપણે વ્યક્તિગત રીતે આ પ્રકારનું કોઈ કૃત્ય કરતા નથી ત્યાં સુધી આપણે મુક્ત રીતે થતી પુષ્કળ સ્તુતિ-આરાધનાનો અર્થ સમજી શકતા નથી. તમે કોઈનું બલિદાન આપ્યું (ત્યાગ કર્યો) હોય, જે તમારું વહાલું અને નજીકનું હોય, એ યાદ કરી શકો છો? તમે પ્રભુ ઈસુ માટે કંઈ કર્યું છે જે તમારે માટે ખરેખર મૂલ્યવાન હોય? તમે શું સતત એ રસ્તો શોધો છો કે જે દ્વારા તમે તમારા ખ્રિસ્તી જીવનમાં અગાઉના બધા વર્ષોમાં ઈશ્વરને જે કંઈ આપ્યું છે તેના કરતાં વધારે તમે હવે તેમને આપી શકો? ઈશ્વરના રાજ્યને માટે તમે કંઈક અસામાન્ય કાર્ય કરવા માટે પ્રયાસ કરો છો? શું તમને અસંતોષની લાગણી થાય છે કે તમે હજુ સુધી ઈશ્વરને માટે શ્રેષ્ઠ કાર્ય કર્યું નથી?*

*સિમોન (કોઢિયા)ના ઘરમાં મહેમાનોને માટે જે બાબત "નુકશાન" દેખાતી હતી તેની મુખ્ય મહેમાન દ્વારા "સ્તુતિ આરાધના" તરીકે પ્રશંસા કરવામાં આવી હતી. મરિયમના અત્તરની સુવાસે મેજ પર પીરસેલ સઘળી સ્વાદિષ્ટ વાનગીઓના સ્વાદને દબાવી દીધો! છતાં પણ, ખરા હૃદયથી ભજનારાઓ માટે બહુમતી લોકો હંમેશાં ગેરસમજ કરે છે. તેનું કારણ છે ઈશ્વરની મહાનતા અને પ્રભુના મહાન મૂલ્યને સમજવાની તેઓની પોતાની ખામી. મરિયમનું ઈશ્વરીય જ્ઞાન પ્રભુ ઈસુના તેમની સાથે રહેતા પોતાના શિષ્યોના જ્ઞાન કરતાં વધુ ઊંડું અને વધુ વ્યવહારું હતું. પ્રભુ ઈસુને અનુસરવું અને તેમના માટે વપરાયા વગર અને લાગણીસભર પ્રેમ રાખ્યા વગર કામ કરવું શક્ય છે. પણ તો પછી તો તે માત્ર કામ જ બની રહેશે અને સ્તુતિ-આરાધના નહિ હોય.*

*આ બનાવ આપણને બીજો એક પાઠ શીખવે છે. ઈશ્વર માટે આપણે જે કંઈ કરવાની ઈચ્છા રાખીએ છીએ તો આપણે તે કરવા માટે કદી વિલંબ કરવો ન જોઈએ. પ્રભુ ઈસુએ મરિયમની પ્રશંસા કરતાં કહ્યું, "દફનને સારુ* **અગાઉથી** *તેણે મારા શરીરને અત્તર ચોળ્યું છે" (માર્ક ૧૪:૮). જ્યારે બીજી સ્ત્રીઓ પછીના રવિવારે પ્રભુ ઈસુના શબને માટે સુગંધી દ્રવ્યો લાવી હતી, પણ પ્રભુ ઈસુનું શબ ત્યાં હતું નહિ કારણ કે તે ઉત્થાન પામ્યા હતા! (લૂક ૨૪:૧-૩).*

*"કેમકે દેવ તમારા કામને તથા તેના નામ પ્રત્યે તમે જે પ્રીતિ દેખાડી છે... તેને વીસરે એવો અન્યાયી નથી" (હિબ્રૂ ૬:૧૦). મરિયમને ઈશ્વરના પ્રતિષ્ઠિત સભાસ્થાનમાં આખા જગતના સુવાર્તિકો મધ્યે સ્થાન મળ્યું! (માથ્થી ૨૬:૧૩).*

**ગુરૂવાર**

**(૫) "મારી યાદગીરીમાં આ કરો!"**

*પ્રભુ ભોજનની સ્થાપના પ્રારંભિક રીતે ભાગ લેનારાઓને કેટલોક આશીર્વાદ આપવા માટે થઈ ન હતી. પણ હકીકતમાં તેનો મતલબ છે સ્તુતિ-આરાધનાનો પ્રસંગ. પ્રભુની મેજ આપણને પ્રભુને એ રીતે યાદ કરવાને સમર્થ બનાવે છે કે કોઈ બીજા સભાજનો એવી ક્રિયા નહિ કરતા હોય. માથ્થી, માર્ક અને લૂકની સુવાર્તામાં જે નોંધવામાં આવ્યું છે તેની કરિંથના ખ્રિસ્તીઓને લખેલા પાઉલના પહેલા પત્રમાં આપણે માટે સ્પષ્ટતા કરી છે (માથ્થી ૨૬:૨૬-૨૯; માર્ક ૧૪:૨૨-૨૫; લૂક ૨૨:૧૭-૨૦; ૧ કરિંથી ૧૧:૨૩-૩૪). પવિત્ર (પ્રભુ) ભોજનમાં આપણે ઓછામાં ઓછી ત્રણ રીતે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.*

*પ્રથમ, આપણે (આપણી) અવેજીમાં પ્રભુના મૃત્યુ માટે તેમની સ્તુતિ કરીએ છીએ (૧ કરિંથી ૧૧:૨૪-૨૬). આપણે તેમનો આભાર માનીએ છીએ કારણ કે તેમણે પોતાના શરીર પર આપણા પાપો માટે સહન કર્યું અને આપણા મંદવાડ ઉપાડી લીધા (યશા. ૫૩:૪,૫; ૧ પિતર ૨:૨૪). આપણે તેમનો આભાર માનીએ છીએ કારણ કે આપણને ઈશ્વરની સમીપ લઈ જવા અને કૃપાના સિંહાસન તરફનો માર્ગ ખોલવા તેમણે પોતાનું રક્ત વહેવડાવ્યું (એફેસી ૨:૧૩; હિબ્રૂ ૧૦:૧૯,૨૦). આપણે તેમનો આભાર માનીએ છીએ કારણકે તેમણે આપણી સાથે નવા કરારની સ્થાપના કરી કે જે દ્વારા આપણા પાપોને તે ફરી કદી યાદ નહિ કરે (હિબ્રૂ ૮:૧૦-૧૨). આનો અર્થ છે "પ્રભુના મરણને પ્રગટ કરવું" (૧ કરિંથી ૧૧:૨૬).*

*બીજું, આપણે પ્રભુના શરીર, એટલે મંડળીને માટે પણ પ્રભુનો આભાર માનીએ છીએ (ક.૨૯). પાઉલ વિશ્વાસીઓને એકબીજાને માન આપવાના આમંત્રણ સાથે પ્રભુ ભોજનની પોતાની સમજૂતી પૂરી કરે છે (ક.૩૩,૩૪). એનો અર્થ છે પ્રભુના શરીરને "પારખવું (સમજવું)." આપણે સાથી-વિશ્વાસીઓને એ જ શરીરના સભ્યો તરીકે ઓળખીએ છીએ. ખ્રિસ્તનું શરીર એ ખ્રિસ્તની કન્યા છે. તેનો એક ભાગ (હિસ્સો) હોવું એ વિશેષાધિકાર છે જેને લીધે આપણે આપણા આખા જીવન માટે (આનંદથી) ગાવું (સ્તુતિ કરવી) યોગ્ય છે. સર્વ સમયનું સૌથી મહાન ભોજન ઈશ્વરના હલવાનના લગ્નનું હશે (પ્રકટી. ૧૯:૯).*

*પ્રભુ ભોજન તો તે ઉજવણીનો પ્રાથમિક આસ્વાદ છે (માથ્થી ૨૬:૨૯).*

*ત્રીજું, આપણે પ્રભુની સ્તુતિ એક રાજા તરીકે કરીએ છીએ જે જલ્દી આવી રહ્યાં છે (૧ કરિંથી ૧૧:૨૬બ). પ્રભુની મેજ આપણને સઘળા શત્રુઓ પર મેળવેલ ખ્રિસ્તના અંતિમ વિજયની યાદ અપાવે છે. આપણે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે તેમની સ્તુતિ કરીએ છીએ.*

*પ્રભુના મેજની આસપાસ તેમની યાદ આ રીતે ઓછામાં ઓછી તેમની ત્રણ કામગીરીના પાસા આપણી સ્તુતિ-આરાધના માટે કેન્દ્રિત કરે છે - ઈશ્વરનું હલવાન, મંડળીના પ્રભુ, અને (વિશ્વના) સઘળા લોકોના પ્રભુ.*

*કારણ કે પ્રભુ ભોજનનો અર્થ થાય છે સ્તુતિ - આરાધનાનો અનુભવ, અને તેથી એવી કોઈ સૂચિ નથી કે આપણે આ સંસ્કારને કેટલીવાર ઉજવવો (પાળવો) જોઈએ. નવી મંડળીઓમાં તે લગભગ દરરોજ પળાતો (પ્રે.કૃ. ૨:૪૨,૪૬). અને ત્યાર પછી કદાચ તે એક અઠવાડિક ક્રિયા બની ગયો હશે (પ્રે.કૃ. ૨૦:૭). હવે ઘણી મંડળીઓમાં તે મહિનામાં ફક્ત એક જ વાર પળાય છે. જે એક કારણ છે કે શા માટે તે એક ઉજવણીને બદલે એક ક્રિયા વધુ બની ગયો છે!*

**શુક્રવાર**

**(૬) "ઓ બાપ... તારા હાથમાં..."**

*ઈબ્રાહિમ પોતાના દીકરા ઈસહાકના બલિદાનને માટે જે શબ્દ વાપરે છે તે છે "ભજન (સ્તુતિ-આરાધના)" (ઉત. ૨૨:૨,૫). ખ્રિસ્તનું સ્વ-બલિદાન એ ઈતિહાસમાં સૌથી શ્રેષ્ઠ અર્પણ છે. જ્યારે પ્રભુ ઈસુએ પોતાનો આત્મા પોતાના પિતાના હાથમાં સોંપ્યો, ત્યારે સ્વર્ગ (આકાશ) અને પૃથ્વીના ઈશ્વરે તેમની સ્તુતિ સ્વીકારી જે અજોડ છે. આ બાબત વિષે ઈશ્વરના પુત્રએ અગાઉથી જ્યારે તેમણે પૃથ્વી પર આવવા સ્વર્ગ છોડ્યું હતું ત્યારે તેમની વિદાયમાં સંબોધન કર્યું હતું કે, "તેં બલિદાન તથા અર્પણની ઈચ્છા રાખી નહિ, પણ મારે સારુ તેં શરીર તૈયાર કર્યું છે" (હિબ્રૂ ૧૦:૫-૭).*

*ઈશ્વરના સિંહાસન સમક્ષ આપણા શરીરોના જીવતા અર્પણ ચઢાવવા જેવી વધુ મીઠી-સુગંધ ધરાવતી બીજી કોઈ સ્તુતિ-આરાધના નથી (રોમન ૧૨:૧). આ શ્રેષ્ઠ બોધપાઠ ખ્રિસ્તનું મરણ આપણને શીખવે છે (એફેસી ૫:૧,૨). આ સિવાય બીજી કોઈ સ્તુતિ-આરાધના આપણને ઈશ્વરની પ્રગાઢ હાજરીની સમીપ લઈ જતી નથી. જ્યારે પ્રભુ ઈસુએ પોતાની જાતને પિતાના હાથોમાં સોંપી દીધી, ત્યારે મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ફાટી ગયો અને તેના બે ભાગ થઈ ગયા (લૂક ૨૩:૪૬; માથ્થી ૨૭:૫૦,૫૧). પરમપવિત્ર સ્થાનમાં જવાનો રસ્તો હવે બંધ નહોતો!*

*ઈશ્વરને આપણા શરીરોનું જીવતું અર્પણ ચઢાવવું એનો સાદો અર્થ એ છે કે આપણા શરીરનો દરેક ભાગ (અંગ) ન્યાયીપણાના ઓજાર (સાધન) તરીકે પ્રાપ્ય (ઉપલબ્ધ) બનાવવો કે જેથી આ જગતની અન્યાયી અને દુષ્ટ વ્યવસ્થા (અવ્યવસ્થા)ના સઘળા પ્રલોભનોને આપણે "ના" કહી શકીએ (રોમન ૬:૧૩,૧૯). આ તો કટોકટીની પળનો અનુભવ અને આગળ વધવું એમ બંને છે. બાઈબલ આપણને પાપના સંબંધમાં મૂએલા અને દેવના સંબંધમાં જીવતા સતત રીતે ગણવાનું આમંત્રણ આપે છે (રોમન ૬:૧૧). આ બાબત અઠવાડિયાનો દરેક દિવસ સારો બનાવશે. સારો રવિવાર, સારો સોમવાર... સારો શુક્રવાર, સારો શનિવાર!*

**રવિવાર**

**(૭) હાલેલૂયા! "તે ઉઠ્યો છે!"**

*બીજી કોઈ બાબત નહિ પણ પુનરૂત્થાન સ્તુતિ-આરાધના માટે વધુ મહિમાવંત બાબત બનાવે છે. પુનરૂત્થાન દ્વારા ઈશ્વરે ઈસુને "પ્રભુ" અને "ખ્રિસ્ત" બન્ને બનાવ્યા (પ્રે.કૃ. ૨:૩૬). અહીં દર્શાવેલ સ્તોત્ર સિવાય સ્તુતિ-આરાધનાનું બીજું કોઈ સ્તોત્ર વધારે લોકપ્રિય નથી.*

*તે પ્રભુ છે, તે પ્રભુ છે;*
*તે મરણમાંથી ઊઠ્યો છે*
*અને તે પ્રભુ છે;*
*દરેક ઘૂંટણ નમશે*
*દરેક જીભ કબૂલ કરશે,*
*કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે!*

*માથ્થી(ની સુવાર્તા) અનુસાર જ્યારે પ્રભુ ઈસુ પોતાના પુનરૂત્થાન પછી પ્રથમવખત પોતાના શિષ્યોને મળ્યા, ત્યારે શુભેચ્છાના તેમના શબ્દો હતા, "આનંદ કરો!" - (કુશળતા) - તેઓનો પ્રતિભાવ સુસ્પષ્ટપણે દર્શાવ્યો છે કે, "તેઓએ આવીને તેના પગ પકડ્યા, ને તેનું ભજન કર્યું" (માથ્થી ૨૮:૯). સ્તુતિ-આરાધનાની અભિવ્યક્તિઓ!*

*મગ્દલાની મરિયમ એવું વિચારતી હતી કે તે માળી સાથે વાત કરી રહી છે. પરંતુ પ્રભુ ઈસુ જ્યારે તેને "મરિયમ" કહીને સંબોધે છે, ત્યારે તે તરત તેમને ઓળખી જાય છે અને હર્ષાવેશમાં પોકારે છે "રાબ્બોની!" - (એટલે ગુરૂજી). આનંદથી ખૂબ જ ભરપૂર થયાથી તે તેમને ભેટવા (કે તેમના પગ પકડવા) ઈચ્છે છે (યોહાન ૨૦:૧૫-૧૭). પ્રેમ(હેત)ની અભિવ્યક્તિઓ!*

*પછી થોમા આવ્યો. જ્યારે પ્રભુ ઈસુએ તેને પોતાના ઘા (જખમ) બતાવ્યા, ત્યારે તેણે આશ્ચર્યથી કહ્યું, "મારા પ્રભુ અને મારા દેવ!" (યોહાન ૨૦:૨૭,૨૮). આશ્ચર્યની અભિવ્યક્તિઓ!*

*પ્રભુ ઈસુનું પુનરૂત્થાન સ્તુતિ-આરાધનાને શિષ્ટાચારથી મુક્ત કરે છે અને સ્તુતિ-આરાધનાના ઐક્ય (સુમેળ), પ્રેમ(હેત)ના આત્મા, અને આશ્ચર્યની સભાનતાથી આપણને ઉત્તેજન આપે છે. પુનરૂત્થાન આપણા હૃદયો (અંતઃકરણ)ને આનંદીત (મગ્ન) કરે છે અને આપણી જીભને હર્ષ કરાવે છે (પ્રે.કૃ. ૨:૨૪-૨૮). આપણે તેમની હર્ષથી ભરપૂર હાજરીમાં હાલેલુયાના પોકારો સાથે આગળ વધીએ છીએ!* ■

# 'છૂટાછેડા' - એક રાક્ષસ !

*ડૉ. લિલિયન સ્ટેન્લી*

*વીસ વર્ષ પહેલાં જેના વિષે આડોશ-પાડોશમાં ગુપચુપ વાતો થતી હતી, અથવા ફક્ત વાર્તાઓમાં જ જેના વિષે વાંચવા મળતું હતું, તે હવે આપણી આસપાસ બની રહેલું આપણે જોઈ રહ્યા છીએ. અને તે પણ ખ્રિસ્તી કુટુંબોમાં ! અરે, આપણા પોતાના જ કુટુંબમાં ! સ્વર્ગમાં જેને જોડવામાં આવે, તેને કોર્ટમાં તોડવામાં આવે? જાણે છૂટાછેટા નામના કોઈ રાક્ષસને આપણા ગ્રહ ઉપર છૂટો મૂકી દેવામાં આવ્યો છે. લગ્નના બંધન આજકાલ વધારેને વધારે ઢીલાં થતા જાય છે. એક સમયે જેને લગ્નસંબંધની પવિત્રતાની નિશાની રૂપ ગણવામાં આવતી હતી તે લગ્નની વીંટીને હવે લોકો 'આઉટ ઓફ ફેશન' ગણવા લાગ્યા છે. હવે લોકોને ચર્ચમાં લગ્ન થાય કે ન થાય તેની કંઈ બહુ પડી નથી. આજે તો લોકો એવા ઢીલા લગ્ન બંધનની અપેક્ષા રાખે છે કે ફાવે ત્યારે પતિ-પત્ની લગ્ન નામની રમતમાં જોડાઈ શકે અને ફાવે ત્યારે રમતમાંથી નીકળી જાય. લગ્ન તો એક પ્રકારની જેલ છે જેમાંથી "પ્રેમકેદી" કદી મુક્ત થઈ શકે જ નહીં. "મોત આપણને છૂટા પાડે ત્યાં લગી" આ જેલમાંથી છૂટી શકાય નહીં. આજે ઘણી બેશરમીથી કેટલાંક આ જેલ તોડીને ભાગી છૂટે છે.*

*પહેલી સદીના ફરોશીઓની પણ આજ રીત હતી. તેઓ પ્રભુ ઈસુ પાસે જાણવા માંગતા હતા કે શું "હરકોઈ" કારણને લીધે પુરૂષ પોતાની પત્નીને મૂકી દે એ યોગ્ય છે? આ વિષયનો આરંભ કેવો હતો તે મુદ્દાને જ સ્પર્શ કરતા પ્રભુ ઈસુ કહે છે : "આરંભથી એવું ન હતું." (માત્થી ૧૯:૩,૮) અહીં સત્ય એકદમ સ્પષ્ટ થઈ જાય છે. ઈશ્વર કદી એવું ઈચ્છતા નથી કે પતિ અને પત્ની વિખૂટાં પડે. તેઓ તો એક દેહ છે અને છૂટાછેડા એ તો જાણે એ દેહના કાપીને કટકા કરવા જેવું કામ છે. વ્યભિચાર જેવા પાપ માટે પણ પતિ કે પત્ની પોતાના સાથીને મૂકી દઈ શકે એવી આજ્ઞા ઈસુએ આપી જ નથી. તે તેઓને કહે છે કે, મુસાએ તમારા હૃદયની કઠણતાને લીધે તમને તમારી સ્ત્રીઓને મૂકી દેવા દીધી, પણ આરંભથી એવું ન હતું. અને હું તમને કહું છું કે, વ્યભિચારના કારણ વગર જે કોઈ પોતાની સ્ત્રીને મૂકી દઈને બીજીને પરણ તે વ્યભિચાર કરે છે; અને તે મૂકી દીધેલીની જોડે જે પરણે તે પણ વ્યભિચાર કરે છે. (માથ્થી ૧૯: ૮,૯).*

*પચીસેક વર્ષ પહેલાં પુરૂષો પોતાની પત્નીનો ત્યાગ કરતા હતા. પણ આજે પરિસ્થિતિ વિપરીત છે. આજે તો નીતિવચન ૨:૧૭માં વર્ણવેલી સ્ત્રીની જેમ, પોતાની યુવાવસ્થામાં સાથીને ત્યજી દેતી સ્ત્રીઓની વાતો વાંચવા મળે છે. દેવની આગળ કરેલો પોતાનો કરાર તેઓ વિસરી જાય છે.*

*આજની સ્ત્રીમાં એવી આધુનિક છોકરી જોવા મળે છે જે ખોટા દિવાસ્વપ્નો જોતા લગ્ન જીવનમાં દાખલ થાય છે પણ બહુ ઝડપથી એના એ સપના ચકનાચુર થઈ જાય છે હનિમુન સુધી બધુ બરાબર હોય છે પણ પછીથી એક પછી એક નાની નાની ફરિયાદોનો ઢગ થવા માંડે છે. એક દિવસ એવો આવે છે કે જ્યારે તેને લાગે છે, હવે મારાથી આ નહીં વેઠાય, અને તે છૂટા થવાનો નિર્ણય લઈ લે છે. પોતાની યુવાવસ્થાના સાથીને ત્યજતી વખતે તેને એ ખ્યાલ પણ નથી રહેતો કે તેણે પોતે દેવની આગળ કરેલો પોતાનો કરાર તોડી રહી છે.*

*પત્નીને ઈશ્વરે "કરારની રૂએ થયેલી પત્ની" તરીકે ઓળખાવી છે. (માલાખી ૨:૧૪) પુરૂષ અને સ્ત્રી પવિત્ર ઈશ્વરની હાજરીમાં કરારના બંધનથી બંધાય છે. ઈશ્વર એ કરારના સાક્ષી હોય છે. અને તેથી જ તે કહે છે : "તમારો પત્ની ત્યાગ હું ધિક્કારુ છું." (માલાખી ૨:૧૬). માલાખી ૨:૧૧માં આ જ અર્થમાં "યહોવાનું વ્હાલું પવિત્ર સ્થાન" શબ્દો વાપરવામાં આવ્યા છે. પતિવ્રત ભંગ કરનારી સ્ત્રીને બાઈબલ લોહી વહેવડાવનાર સ્ત્રી સમાન ગણે છે (હઝ ૧૬:૩૮).*

*લગ્ન કરનાર છોકરીએ હંમેશા ગુલાબી સપનાની દુનિયામાં જ જીવવાનું નથી. તેણે યાદ રાખવું જોઈએ ગુલાબ હોય ત્યાં કાંટા પણ હોય જ. શું તેણે વચન આપ્યું નહોતુ : "સુખમાં કે દુઃખમાં ?" તેણે હકીકતનો હિંમતથી સામનો કરવો જોઈએ. સ્ત્રીના જીવનમાં એવા પ્રસંગો આવે છે જ્યારે સાસરીમાં છાને ખૂણે રડી લેવાનો મોકો પણ તેને મળતો નથી. પોતે અનાથ હોય એવો અનુભવ તેને થાય છે તેને પોતાના માતાપિતા પાસે દોડી જવાનું મન થાય છે. તેના પિતા તેને લગ્નવેદી તરફ દોરી લાવ્યા હોય છે. ત્યાં તેનું અર્પણ કરવામાં આવ્યું છે. અને ત્યાં જ પરમેશ્વર તેને સંભાળી લેતા કહે છે : "જો કે તારા માતાપિતા તને મૂકી દે, હું તને મૂકી દઈશ નહી." (યશા. ૪૯:૧૫). પરિસ્થિતિથી નાસી જવામાં કશો ફાયદો નથી. કુટુંબને ટકાવી રાખવું તે એની જવાબદારી છે. લગ્ન ભલે સ્વર્ગમાં રચાતા હોય, તેને પૃથ્વી પર જ ટકાવી રાખવાના હોય છે.*

*સંપૂર્ણપણે જેને જાણતી હોય એવા જ પુરૂષ સાથે છોકરીનું લગ્ન થાય એવું બની શકે નહીં. ઓળખીતા પુરૂષ સાથેના લગ્નમાં ખરેખર તો લગ્નનો આનંદ, નવીનતા અને એક પ્રકારના પડકારનો અભાવ હોય છે. ભારતમાં સ્ત્રીઓએ લગભગ સંપૂર્ણ અજાણ્યા પુરૂષ સાથે લગ્ન કરવા પડે છે. લગ્ન પછી તેણે પોતાના જીવનમાં*

સ્વીકારેલા પુરૂષને તે ઓળખવા માંડે છે. ઘણા સારા સદ્‌ગુણો જોવા મળી શકે અને કેટલીક ન ગમતી બાબતોનો અનુભવ પણ થાય. દિવસે દિવસે કેટલીક ચોંકાવનારી બાબતો બહાર આવતી જોવા મળે છે. પતિ કદાચ દારૂડિયો હોય, બીડીનો બંધાણી હોય, આળસુ હોય, લોભી હોય, વગેરે. સંયુક્ત કુટુંબમાં સત્તા શોખીન સાસુ અને ઈર્ષાળુ નણંદ મુસીબતોમાં વધારો કરતા હોય. મોટે ભાગે સ્ત્રી તેના પતિની નજરે પરિસ્થિતિની મુલવણી કરવામાં નિષ્ફળ જાય છે. પુરૂષનો વાંક હોય એટલો જ વાંક સ્ત્રીનો પણ હોય એવું ઘણીવાર બને છે. કેટલાંક કિસ્સામાં સ્ત્રી જ બધી મુસીબતનું મૂળ હોય છે. પોતે તો પોતાને બહુ ભલી બાઈ સમજતી હોય ! બંનેના સ્વભાવમાં રહેલા તફાવત આમને સામને ટકરાવ ઉત્પન્ન કરે છે જે છેવટે લગ્નને ભરખી જનાર આગ પેટાવવાનું કામ કરી જાય છે. કોઈકે સાચું જ કહ્યું છે : "લગ્નમાં ત્રણ પ્રકારની વીંટીઓ જોવા મળે છે. સગાઈની વીંટી, લગ્નની વીંટી અને મુસીબતની વીંટી!"

ક્યારેક બેસીને વિચાર કીર જોજો કે તમારા જેવી વ્યક્તિ સાથે લગ્ન કરનારના જીવનમાં તમે કેવી અસરો ઉત્પન્ન કરો છો. જો તમે તમારા પતિની જગ્યાએ હો, તો તમે આજે જેવો વ્યવહાર તેમની સાથે કરો છો તેવો વ્યવહાર તમારી પત્ની તરફથી થાય તો શું તમે તે ચલાવી લેશો ખરા? આજ વાત ઈસુએ બીજી રીતે કહી છે. જે જે તમે ચાહો છો કે તમારા પતિ તમને કરે. તે તે તમે પણ તેમને કરો. એવું કશું જ ન કરો જે તમારા પતિ તમને કરે અને તમને ગમતું ન હોય. (માથ્થી ૭:૧૨).

હું માનું છું કે લગ્નજીવન ટકાવી રાખવાની વધારે પડતી જવાબદારી સ્ત્રીને માથે હોય છે. કારણ કે છૂટાછેડાને પરિણામે સૌથી વધુ વેઠવાનું સ્ત્રીને ભાગે જ આવે છે. મોટે ભાગે પુરૂષ તો ફરીથી લગ્ન કરી લઈને જીવનમાં ગોઠવાઈ જતો હોય છે. જ્યારે સ્ત્રીને માથે એકલે હાથે બાળકો ઉછેરવાની જવાબદારી આવી પડે છે. ક્યારેક તેને નોકરી મળી શકે એવી લાયકાત પણ એની પાસે નથી હોતી. નોકરી હોય તો પણ તેના વૃદ્ધ માતાપિતા માટે તે એક બોજા સમાન બની રહે છે. કોર્ટ કચેરીના ધક્કા પણ તેમની આડ અસરો જીવનમાં પાડ્યા વિના રહેતી નથી. સ્ત્રી માટે એકલા રહેવું મુશ્કેલ છે. લોકો તેને શંકાની દૃષ્ટિથી જ જુએ છે. બાળકો પણ કદાચ તેમની આ સ્થિતિ માટે તેને જ દોષ દેવાના. આ, અને આવી તો અનેક મુશ્કેલીઓની વણઝાર.....

સૌથી વધારે ખરાબ હોય છે આંતરિક અને બાહ્ય એકાંત સુખદુ:ખની એ વાત સાંભળવા માટે તમારું કોઈ હોતું નથી. કોઈ સલામતી નહીં. ઘરમાં પુરૂષની ગેરહાજરી. અત્યારે તમને સમજાતું નથી કે જે માણસને તમે પ્રેમ કરો છો તેના પ્રત્યે તમને ધિક્કાર શા માટે ઉપજી રહ્યો છે. છૂટાછેડા પછી તમને એ નહીં સમજાય કે જેને તમે ધિક્કારતા હતા તે વ્યક્તિ પ્રત્યે હવે પ્રેમ શાને ઉપજી રહ્યો છે! તમારા એકલવાયાપણામાં ક્યારેક તમે કોઈ મદદગારનો હાથ પકડશો જે છેવટે એક "લફરૂ" બની જાય છે. (નીતિ. ૨:૧૬). અને પછી ગુન્હાની ભાવના પકડ જમાવે છે. હકીકત એ છે કે હવે પરીક્ષણમાં પડી જવાની શક્યતાઓ ખૂબ વધી જાય છે. એકલવાયું જીવન તમે વિચારો છો એટલું સહેલું નથી હોતું. છૂટાછેડાથી જેટલા પ્રશ્નો હલ થાય છે તેથી અનેકગણા નવા ઊભા થાય છે.

રાઈના દાણા જેવા એક બીજથી જ બધી શરૂઆત થાય છે, જેને શેતાન તમારા હૃદયમાં રોપી જાય છે. "શું મેં ખોટું પાત્ર પસંદ કર્યું છે?" તમે સવેળા જાગશો નહીં. તેને ઉખાડીને ફેંકી નહીં દો તો, શેતાન એને પાણી પાશે. છાને ખૂણે તે ઉછરશે. એક દિવસ ગુસ્સામાં તમે બોલી નાખશો : "તમારી સાથે લગ્ન કરીને મેં ભૂલ કરી છે." અથવા "મારે ફલાણી ફલાણી વ્યક્તિ સાથે લગ્ન કરવું જોઈતું હતું." ઝેરી બીજને કૂંપળો ફૂટી રહી છે. ડાળીઓ હૃદયમાંથી ડોકાઈ રહી છે. હજી પણ જો તમે કાળજી નહીં રાખો તો પછી એ વધ્યે જ જશે ને એક દિવસે તમારા લગ્નજીવન ફરતે વીંટળાઈને તેને ગળે ટૂંપો દઈ દેશે. શરૂઆતમાં તમે અચકાતા અચકાતા છૂટાછેડાનો ઉલ્લેખ કરો છો અને પછી સરેઆમ તેની માંગણી કરો છો. છેવટે ખેલ ખતમ થઈ જાય છે. બધું બહુ ઝડપથી પતાવી દેવાય છે. શરૂ શરૂમાં પોતે પોતાની રીતે જીંદગી જીવવાનો ઉત્સાહ હોય છે ખરો, પણ દિવસો જેમ જેમ જાય છે તેમ તેમ એકાંત કઠવા લાગે છે. ઉત્સાહ ઉપર પાણી ફરી વળે છે. તમે જે કર્યું તે વિષે હવે તમે વિચારવા બેસો છો. તમને લાગે છે કે આમ ન કર્યું હોત તો સારું પણ હવે ઘણું મોડું થઈ ગયું છે. તમે તમારા આખા કુટુંબ પર જાણે કે પેટ્રોલ છાંટીને દીવાસળી ચાંપી દીધી છે.

સૌ પ્રથમ સમજી લો કે તમે કોઈ ખોટી વ્યક્તિને પરણ્યા નથી. શેતાનથી છેતરાશો નહીં. દરેક કુટુંબમાં પ્રશ્નો તો હોય છે જ. લગ્ન જીવન એ કંઈ પ્રેમ નામના એક જ સ્તંભ પર રચાતી ઈમારત નથી. તેમાં બીજા એક વધારે સ્થિર અને મજબૂત સ્તંભ પણ હોય છે. જેને સમર્પણ નામ આપવામાં આવ્યું છે. લગ્ન પહેલાં "આકાશના તારા તોડી લાવીશ કહેતા એ તમારો પ્રેમ હવે ક્યાં ગયો?" જેવા નકામાં કારણોસર લોકો છૂટાછેડા લેવા તૈયાર થઈ જાય છે. જીંદગી કંઈ હંમેશા આકાશના તારાથી મઢેલી ચાદર જેવી નથી હોતી. હકીકતમાં ભાગ્યે જ એવું બની શકે. જો લગ્નજીવન માટે પ્રેમજ મહત્વનો હોય તો બધા જ પ્રેમલગ્નો સફળ થતા હોત. પણ જો લગ્નજીવનમાં સમર્પણની ભાવના હોય, તો ગમે તેવા ઝંઝાવાતો સામે પણ તે ટકી રહે છે.

ઈસ્હાકે જે કર્યું તે માટે તે માણસ મને બહુ ગમે છે. "તેણે રિબકાને લીધી, તે તેની સ્ત્રી થઈ; અને તેણે તેના પર પ્રીતિ કરી." અહીં એમનથી કહેવામાં આવ્યું કે; "તેણે રિબકા પર પ્રીતિ કરી અને તે તેની સ્ત્રી થઈ." (ઉત. ૨૪:૬૭). જે વ્યક્તિને તમે તમારા પતિ તરીકે સ્વીકારી છે તેને જ પ્રેમ કરતા શીખો.

સરળતાથી ચાલતા લગ્નજીવનમાં કયારેક ઓચિંતા વળાંક આવી જાય છે. તરત જ પરિસ્થિતિથી નાસી જવાને બદલે શાંતિ રાખો. તમારા મનને, તમારી લાગણીઓને શાંત થવા દો. પ્રાર્થના દ્વારા પરિસ્થિતિને પ્રભુના પગમાં મૂકી દો. પછી પરિસ્થિતિને કેવી રીતે હલ કરવી તેનો વિચાર કરો. સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરો. જે પગલું ભરવા જેવું લાગે તે ભરો. ધીરજથી કામલો. જ્યાંથી સહાય મળી શકે એમછે ત્યાં તમારી દૃષ્ટિ ઊંચી કરો (ગી.શા. ૧૨૧:૧). ઈતિહાસ એવી સ્ત્રીઓના ઉદાહરણોથી ભરપૂર છે જેણે પ્રાર્થના દ્વારા ટકી રહેવાનું બળ મેળવ્યું છે અને છેવટે તેમના પતિને પાછા જીતી લીધા છે. એકવાર (યુદ્ધમાં) તમે કિલ્લાને વળગી રહેવાનો નિર્ણય કરો છો પછી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે તમે તમારી જાતને વધુને વધુ શક્તિશાળી બનતી જોઈ શકશે. જો તમે થોડુંક વધારે ટકી જાવ. તો મોટે ભાગે મુશ્કેલી પોતે જ પોતાનો માર્ગ કાઢી લે છે.

એક મૂર્ખ સ્ત્રીની વાત કરું: "ઘરમાં બસ હું કહું એમજ થાય" એવા સ્વભાવવાળી સાસુ, કંઈને કંઈ માંગ માંગ કરતી નણંદ તથા થોડીક આર્થિક સંકડાશ, આ ત્રણ કારણોથી કંટાળીને એ પોતાના બાપને ઘેર ચાલી આવી, થોડા વર્ષો પછી નણંદના લગ્ન થઈ ગયા, સાસુમા ગુજરી ગયા અને પતિને પ્રમોશન મળતા આર્થિક સ્થિતિ પણ સુધરી ગઈ. પરંતુ દુર્ભાગ્યે, ત્યાં સુધીમાં પતિએ બીજા લગ્ન કરી લીધાં હતા. મુશ્કેલીઓ તો આવવાની જ જેમજેમ, તમારા સંબંધો વૃદ્ધિ પામતા જશે તેમ તેમ મુશ્કેલીઓ ઓછી થતી જશે.

મને આશ્ચર્ય થાય છે કે ઘણા માબાપો પણ તેમની દીકરીઓને શા માટે તેઓ ઈચ્છે ત્યાં સુધી પોતાને ઘેર રહેવા દેતા હશે! જાનનું જોખમ હોય એવા સંજોગોને બાદ કરતા માબાપોએ પોતે જ પહેલ કરીને પોતાની દીકરીને સમજાવટથી પતિગૃહે પાછી મોકલવી જોઈએ.

ભારતીય વ્યવસ્થા મુજબ જ્યારે માબાપો દીકરી માટે પાત્રની પસંદગી કરતા હોય છે ત્યારે તેમને શિર વધારે મોટી જવાબદારી રહે છે. દીકરીને ન પસંદ હોય એવો સંબંધ બાંધવા માટે તેમણે કદી તેને મજબુર કરવી ન જોઈએ. સંબંધ બાંધતા પહેલા સામા પક્ષની નાણાંકીય સ્થિતિ કે જાત-નાતના ખ્યાલોને મહત્વ આપવા કરતા, દીકરીની પસંદગી જાણી લઈને એની પસંદગીનું પાત્ર મળે ત્યાં સુધી તેમને ધીરજ રાખવી જોઈએ. દાદીમાં જેના પ્રેમમાં પડી ગયા હોય (ફક્ત વડીલોને જ પસંદ હોય) એવા પાત્ર સાથે બળજબરીથી પરણાવી દેવાને કારણે છેવટે કેટલાંય ઘર તૂટ્યાં છે.

એકવાર લગ્ન થઈ જાય પછી તમારે કદી પાછા પડવાનું નથી. યોગ્ય પતિ મેળવવો એટલું જ પુરતું નથી. તમારે યોગ્ય પત્ની પણ બનવાનું છે. તમારે પતિને છોડવાના નથી કે તે તમને છોડે એવું કંઈ થવા દેવાનું નથી. નજીવા કારણસર લગ્નભંગ થઈ શકે છે અથવા ગમે તેવા ઝંઝાવાતો સામે પણ તે ટકી શકે છે. બાજી તમારા હાથમાં છે.

જો મૃત્યુ છૂટાં પાડે ત્યાં સુધી છૂટાં નથી પડવું તે જીવનભર ટકે એવો પ્રેમહોવો જોઈએ. જો પ્રીતિ મોત સમાન બળવાન છે તો ઘણાં પાણી તેને બુઝાવી શકે નહીં, કે ભારે રેલ પણ તેને તાણી જઈ શકે નહીં. (ગીતોનું ગીત ૮:૬,૭ ૧ કોરં. ૧૩:૮).

જો તમે છૂટાછેડાનું વિચારી રહ્યાં છો તો મારી તમને સલાહ છે કે અંગ્રેજી સામયિક 'Woman's Era' માં નિયમિતપણે પ્રગટ થતી કટાર "મેં છૂટાછેડા લીધા છે." જરૂરથી વાંચી જજો. તમે જે દિશામાં વિચારો છો તેની આવનાર સ્થિતિનો અણસાર તમને તેમાંથી જરૂર મળી રહેશે. છૂટાછેડા તો એકાંતથી ભરપૂર એવો એક પ્રદેશ છે જ્યાં એક માત્ર દર્દ જ તમારું સાથી બની રહેશે. બધા જ પાઠ, જે તમે ત્યાં શીખશો, તેની ઘણી ભારે કિંમત ચુકવવી પડે છે.

છૂટાછેડા લેતાં પહેલાં બે વખત વિચારો એટલું પૂરતું નથી, ત્રણ વાર વિચારજો! ■

## પ્રિય વાચક મિત્રોને

**જેઓને આશીર્વાદ સામયિક નિયમિત મળતું નથી કે બે કે વધુ નકલ એક જ સરનામે મળે છે કે અન્ય કોઈ ફરિયાદ હોય કે પછી સરનામું બદલવાનું હોય તો ફક્ત ફોન ન કરતાં પત્રથી જણાવવા વિનંતી છે.**

**નોંધ : ઉનાળુ વેકેશનને કારણે મે-૦૯નો અંક પ્રસિધ્ધ કરવામાં નહિ આવે. જૂન-૦૯નો અંક રાબેતા મુજબ મળશે. જેની સર્વ વાચકોએ નોંધ લેવા વિનંતી છે.**

# મિશનેરી ક્ષેત્રોના સમાચાર

આશીર્વાદ યુવા મિશનના ૧૫ રાજ્યોમાં ૩૩૬ જેટલા મિશનેરીઓ આંધ્રપ્રદેશ, આસામ, છત્તીસગઢ, દિલ્હી, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, કેરલ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમબંગાળમાં મંડળીઓમાં આત્મિક જાગૃતિની સેવાઓ સાથે વિધર્મીઓ મધ્યે સુવાર્તા આપી જ્યાં એક પણ ચર્ચ કે મંડળી નથી તેવી જગ્યાઓએ ચર્ચ કે મંડળીની સ્થાપના કરવાનું કાર્ય કરે છે. વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા સમાચારોને સ્તુતિ અને પ્રાર્થનાની મધ્યસ્થી માટે નીચે પ્રમાણે જણાવેલા છે.

**ગુજરાત :**

- બિલોદરા ગામમાં યુથ ટીમે સેવા બજાવી. ગામમાં નિયમિતપણે સંગત સભાનું આયોજન કરવામાં આવ્યું છે.
- મિશનેરી કૈલાશ માણે અયોધ્યા નગર ખાતે એક સુવાર્તા સભાનું આયોજન કર્યુ હતું જેમાં નડીઆદના પ્રેયર સેલના વિદ્યાર્થીઓએ સેવા આપી. ૧૦૦ જેટલાઓએ શુભ સંદેશ સમાચાર સાંભળ્યા.
- ભરૂચમાં ફિશર્સ ટ્રેઈનિંગ કેમ્પમાં ૬૦ લોકોએ ભાગ લીધો અને શ્રીમતિ મિનવલ્લી સેફાયર અને મિશનેરી રૂથ મનિવેન્ને સેવા બજાવી.
- પોનાયે અને જલેશ્વર મીરાપુર ગામોમાં ૩૫૦ લોકોએ સુવાર્તા સાંભળી.
- પીછવાળા, કાલાડ કુવી અને આરેતી ગામોમાં નવી સ્તુતિ આરાધનાનું ગ્રુપ શરૂ કરવામાં આવ્યું છે.
- જુનાગઢ વિસ્તારમાં ઘણા સિદ્દિ (Siddi) આદિવાસીઓ (હબસી) લોકો છે. તેઓની મધ્યે સેવા થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.
- મિશનેરી રોયલ એમ. રાઠોડ કર્ણાટકમાં મિશનેરી તરીકે કાર્ય કરતી કુ. શાંતિ સાથે તા. ૨૫-૧૧-૦૮ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા છે. તેઓના આશીર્વાદીત અને ફળદાયી દાંપત્યજીવન માટે પ્રાર્થના કરશો.
- ભાઈ રોયલને ચામડીની તકલીફ થયેલ છે. તેમના સાજાપણા માટે પ્રાર્થના કરશો.

**કર્ણાટક :**

- ૨૬મી જાન્યુઆરીએ અલનાવરમાં એક યુથ રીટ્રીટ રાખવામાં આવી હતી. ખ્રિસ્તમાં તમે કોણ છો? તે વિષય ઉપર શ્રી જ્હોન્સન (YWAM) ૬૦ જેટલા એકત્રિત થયેલા મધ્યે પડકાર આપ્યો હતો. ઈશ્વરની સ્તુતિ થાઓ.
- બ્લેસીંગ ચિલ્ડ્રન હોમના છોકરાઓ જેઓએ ૧૦મા ધોરણની લેખિત પરીક્ષા આપી છે તેમની માટે પ્રાર્થના કરશો જેમના નામ છે રામુ ઈડાગે, રામુ થોરાત, મન્જુનાથ, એડ્રાવી અને સંતોષ એડાગે.
- કુમાર અને પરશુરામને ચર્ચની સાથે કેટલીક ગેરસમજ છે અને સંગત-સભામાં ભાગ લેતા નથી અને હાજરી આપતા નથી . પ્રાર્થના કરશો કે ઈશ્વરનો પ્રેમ તેઓના હૃદયોને બદલે.
- દુરગપ્પાના પુત્રને ગળામાં ગાંઠ હતી. શસ્ત્રક્રિયા વગર અમારા મિશનેરીઓની વિશ્વાસપૂર્ણ પ્રાર્થનાઓને ઈશ્વરે પ્રત્યુત્તર આપીને સાજાપણું આપ્યું. તેના (ઈશ્વરીય) ચમત્કાર માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- રામદુર્ગમાં અમારા મકાનનું બાંધકામ ચાલુ છે. અમારા મિશનેરીના સર્વ સ્તોત્રો-સાધનોની સાનુકૂળતા-તરફેણ માટે પ્રાર્થના કરશો જેથી કરીને તે (બાંધકામ)નું કાર્ય ઝડપથી પૂર્ણ થઈ શકે.
- ૧૮મી જાન્યુઆરીએ મિશનેરી મોહના ક્રિશ્નાને ધુબાય ખાન સીએસઆઈ ચર્ચમાં સંબોધન કર્યુ. તેઓને પાંચ પાસ્ટોરેટ્સ યુથ રીટ્રીટનું સંબોધન કરવા માટે પુનઃ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રાર્થના કરશો કે યુવાનોના જીવનોમાં ઈશ્વર દરમ્યાનગીરી કરે.
- આશરે ૧૫ છોકરાઓ અને છોકરીઓ જેઓ મિશન હોસ્પિટલના છે તેઓ નિયમિત રીતે મિશનેરી કાર્ય અને આત્મિક જાગૃતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે. ઈશ્વર મધ્યસ્થી યાચનાનો પવિત્ર આત્મા ઘણા બધા હૃદયો ઉપર રેડાવે છે!
- ગડોગીરી ગામમાં મિશનેરી સુબનાથને (સત્ય)ના શોધકનોની સભા રાખી હતી. આશરે ૩૦ જેટલાઓએ ભાગ લીધો. તેઓના તારણ માટે પ્રાર્થના કરશો.
- નવા અર્પિત થયેલા જેડ્ડીકીના કોપ્પા ચર્ચના ઈલેકટ્રીક કનેક્શન માટે પ્રાર્થના કરશો.
- પ્રાર્થના કરશો કે ગંગાધરને દુષ્ટ આત્માના સંકજામાંથી છૂટકારો મળે.
- ગુલ્લાપુરમાં પ્રાર્થના સંગત બંધ કરાવીને ખ્રિસ્તીઓએ વિરોધ કર્યો. અમારા નવા સિવણ (ટેલરીંગ) પ્રોજેક્ટ જેની શરૂઆત ૧લી જાન્યુઆરીના રોજ કરવામાં આવી તેમાં ૩૦ મહિલાઓ

સામેલ થઈ. પ્રાર્થના કરશો કે ઈશ્વર અંતરાયો અને અવરોધો તોડે અને એક વિશાળ ખુલ્લી જગ્યા કરે.

- મિશનેરી વાય. પોલ ધિનાકરને યેલ્લાપુરમાં રાખવામાં આવેલ સોલ વિનર્સ કેમ્પ (આત્મા જીતવાનો કેમ્પ)માં ૫૦ લોકો હાજર રહ્યા હતા તેમને પડકાર આપ્યો.
- હુબલીમાં સ્ટુડન્ટ ફોર જીસસ દ્વારા આયોજીત પાંચ શાળાઓના ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓ માટે "પરીક્ષાર્થીઓ માટેની માહિતી-માર્ગદર્શન"નું આયોજન ૧૫ થી ૩૧મી જાન્યુઆરી દરમ્યાન કરવામાં આવ્યુ હતું.
- સિલગુરીમાં ઓપોસ્ટોલિક આઉટરીચ ચર્ચનો શિષ્યપણાના તાલિમકેમ્પમાં મિશનેરી એમ. મનીવન્નમે ઈશ્વરનું વચન આપ્યું.
- કર્ણાટકમાં ૩૦ વર્ષ સુધીના સેવા કાર્યમાં ગુલબર્ગમાં પ્રથમજ વાર હેલો રાખવામાં આવ્યો હતો. અમારા મિશનેરી ડૉ. જેબાસિંગે ૧૦૦ જેટલા ભાગ લેનારાઓને પડકાર આપ્યો. પ્રાર્થના કરશો કે જે લોકોએ સંકલ્પો અને નિર્ણયો લીધા છે તેમાં તેઓ સ્થિર અને મજબૂત રહીને તેઓ મધ્યે સંગતની સેવામાં વૃદ્ધિ થાય.

**મધ્ય પ્રદેશ :**

- ૧૫મી ફેબ્રુઆરીએ જબલપુરમાં સહયોગીઓની સભા રાખવામાં આવી હતી. મિશનેરી ઈ.એલ.મથન સિંઘે ઈશ્વરના વચનો આપ્યા. મેથોડિસ્ટ ચર્ચની સવારની ભક્તિસભામાં વિશ્વાસીઓને ઉત્તેજન પુરૂ પાડ્યું.
- મધ્ય પ્રદેશ શાહગર્હમાં સર્વ સ્ટાફના પુરૂષો ત્રણ દિવસની ઉપવાસ પ્રાર્થના માટે એકઠા થઈ આશિષિત થયા હતા જેમાં શ્રી એસ.જયરાજ, શ્રી વી.કે. ડેવિડ અને શ્રી પી.મોહનરાજે સેવા આપી.
- શ્રી થોમસના દિકરાને નર્સિંગ કોર્ષ માટે એક સીટ (એડમીશન) મળ્યું અને શ્રીમતિ અનિષાને ફેફસામાં સોજો હતો તેમાંથી સાજાપણું મળેલું અને બઢતી મળી. ઈશ્વરની સ્તુતિ થાઓ.
- શ્રીમતિ પ્રતિની સ્તન કેન્સર માટેનું નિદાન કરવામાં આવ્યું. પ્રાર્થના બાદ તેણી ફરીથી ડૉક્ટર પાસે બીજી તપાસ કરીને ગઈ ત્યારે ડૉક્ટરે જણાવ્યું કે તેણી (નોર્મલ) સામાન્ય છે. શ્રીમતિ પ્રેમલત્તાના પતિ જ્હોન્સન ઉંચા લોહીના દબાણથી પિડાય છે અને સતત લોહીની ઉલટીઓ થઈ રહી હતી. પ્રાર્થનાઓ મારફતે સાજા થયા. ઈશ્વરની સ્તુતિ થાઓ.
- પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ માટે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. વિવિધ મંડળીના ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
- શ્રી સોનીએ ઈશ્વરનું વચન આપ્યુ. શ્રીમતિ જ્યોતિ જયરાજે વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધી સલાહ-સૂચન આપ્યા.
- જબલપુરમાં યુવાનો માટે ૮મી ફેબ્રુઆરીએ (SOZO) સોઝો રાખવામાં આવ્યો હતો. દિલ્હીથી આવેલા ડૉ. જેબાસિંગ મુખ્ય વક્તા હતા. જુદી જુદી મંડળીમાંથી ૨૨૫ જેટલા યુવાનોએ આ સભામાં હાજરી આપી હતી. આ સોઝો પછી પાંચ પ્રેયર સેલ રાંચી વિસ્તારમાં શરૂ કરવામાં આવ્યા, તે પૈકી એક છોકરીઓ માટેનો પ્રેયર સેલ છે.
- મિશનેરી જ્યોર્જ એલેમ્બીએ ૨૦મી ફેબ્રુઆરીએ સાગર ખાતે સ્વીડીશ મિશન સ્કૂલના વિદ્યાર્થીઓને ઈશ્વરના વચનોમાંથી ઉપદેશ આપ્યો.
- બન્ટી નામની વ્યક્તિ જે વિદ્યાર્થી પ્રેયર સેલના ભાઈની વ્યક્તિ છે તેને એક ગંભીર અકસ્માત થયો પરંતુ ઈશ્વરે તેને ચમત્કારીક રીતે ગંભીર ઈજા માંથી બચાવી લીધો. તેને હજુ પણ જમણા પગે બે જગ્યાએ ફ્રેક્ચર થયુ છે અને ઈજામાંથી સારૂ પણ થઈ રહ્યું છે. તેને ઝડપથી સારૂ થઈ જાય અને તે ઈશ્વરની પાસે આવે તેની માટે પ્રાર્થના કરશો.
- કટનીમાં ૧લી ફેબ્રુઆરીએ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે એક સભા રાખવામાં આવી હતી. જુદી જુદી શાળાઓ અને કોલેજોના ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સભામાં ભાગ લીધો અને પુરા અંતઃકરણ અને નિષ્ઠાથી પ્રાર્થના કરી. રેવ. અજય માર્ટીને ઈશ્વરના વચનો અને સંજય ડેનિયલે પરીક્ષા લક્ષી સલાહ-માર્ગદર્શન આપ્યું.
- છત્તીસગઢના મેળામાં રૂા. ૩૪૨૫૦/-ના મૂલ્યનું આશીર્વાદનું સાહિત્યનું વેચાણ તથા સીડી અને સ્ટડી બાઈબલનું વિતરણ કરવામાં આવ્યું. પ્રાર્થના કરશો કે જે લોકોએ અમારૂ સાહિત્ય ખરીદ્યુ છે તેઓને આ પુસ્તકોથી ખૂબ જ લાભ થાય.
- શાહગર્હ પ્રદેશમાં શોધકોની સભાઓ ચાર સ્થળોએ રાખવામાં આવી હતી. ૪૩ લોકોએ હાજરી આપી અને ૩૫ લોકોએ ઈસુ ખ્રિસ્તને તેઓના અંગત તારણહાર તરીકે સ્વીકાર્યા.
- કન્નુવામાં શોધકોની સભા રાખવામાં આવી હતી. નવ જેટલા લોકોએ ઈસુ ખ્રિસ્તને તેઓના અંગત તારનાર તરીકે અંગીકાર કર્યો.
- ફેબ્રુઆરીમાં ઈશ્વરને આધિન થઈને ૧૪ લોકો શાહગર્હ પ્રદેશના (ચર્ચમાં) અને ૮ આઠ લોકો બાના વિસ્તારના (ચર્ચમાં) જોડાયા. તેના કારણે ત્રણ સ્તુતિ આરાધનાના ગ્રુપો

બથારિયા, બટ્ટુવાહ, અને કચારી ગામોમાં રચના કરવામાં આવી.

- બરૈટી અને કન્દુવાહમાં સ્તુતિ માટેનો શેડ (પ્રાર્થના કૂટીર)નું બાંધકામલગભગ પૂર્ણતાના તબક્કામાં છે. તેને ટૂંકમાં જ અર્પિત કરવામાં આવશે. અર્પણના કાર્યક્રમ અને વિશ્વાસીઓની માટે પ્રાર્થના કરશો.

**તમિલનાડુ :**

- પેરેરી પુદુરમાં ફેમિલી કાઉન્સિલીંગ મિટીંગમાં ૨૫ જેટલાઓએ હાજરી આપી અને તે આશીર્વાદિત રહી.
- સિત્તેરી હિલ્સમાં બીજા આગમન સંબંધી બાઈબલ અભ્યાસમાં ૪૦ જણા ઉપસ્થિત રહ્યા.
- અમારા સહાધ્યાયી શ્રીમતિ કનકા અને તેમની ચેન્નાઈની ટીમે ચિટલીંગ વિસ્તારમાં આઠ ગામોની મુલાકાત લઈ સુવાર્તા પ્રચાર-પ્રસાર કરી.
- યેરકાઉડમાં તમિલનાડુ વિમેન મિનિસ્ટીરીયલ ટીમના આગેવાનો બે દિવસ માટે વિમેન મિનિસ્ટ્રીના આયોજન માટે શ્રીમતિ સારૂમથી અને શ્રીમતિ જયન્થીની નેતાગીરી હેઠળ એકત્રિત થયા હતા. બેન્નેટ પરિવારનો તેઓના યજમાનપણા માટે આભાર અને મિશનેરી સામીદોસનો સભાઓની વ્યવસ્થા કરવા માટે આભાર.
- પાલમલાઈમાં દાંતના ડૉક્ટરોએ સ્વૈચ્છિક રીતે તેર કેસોનું નિદાન કર્યું.
- મુરૂગેશન માટેની તમારી વિશ્વાસુ પ્રાર્થના માટે આભાર. બેંગ્લોરમાં સંત જ્હોન્સ હોસ્પિટલમાં તેમની થાયમસ (ગળાના ભાગની માંસગ્રંથી જે સફેદ લોહીનો સેલ ઉત્પન્ન કરે છે) તેની ગાંઠને દૂર કરવામાં આવી.
- મિશનેરી માયલી લક્ષ્મણને સલામત રીતે એક પુત્રીને જન્મ આપ્યો છે.
- અમારા નવા સંપર્કમાંની એક વ્યક્તિને ડૉક્ટરે કહ્યું હતું કે તેને બંને કિડનીમાં ગાંઠ છે. તેની માટે સારવાર કરાવવાના પૈસા ન હોવાથી તે નિરાશ થઈ ગયા હતા. અમારી પ્રાર્થનાઓ બાદ તેનામાં ખૂબ જ સુધારો થયો છે.
- ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં પરીક્ષા આપનાર પરીક્ષાર્થી બાળકો માટે પ્રાર્થના કરશો.
- વેલાનૂરનું મિશનેરી ક્વાર્ટ્સનું બાંધકામનું કાર્ય ચાલુ છે.
- મિશનેરી પુષ્પલત્તા સુયામ્બુની સલામત સુવાવડ માટે પ્રાર્થના કરશો. મિશનેરી રીબ્કાહ જેમ્સ અને ઈવેલિન કુમાર કસુવાવડ પછી બાળક માટે સગર્ભાવસ્થામાં છે.
- અમારા મિશનેરીઓ સેમ્યુલ જ્યોતિરાજ અને અબુ, (હેડ ક્વાર્ટર વેલ્લોર)ની પુત્રી ઈવેન્જેલિન ૧૮મી મે વેલ્લોર ખાતે ડેનિયલ જયરાજ સાથે લગ્નગ્રંથિથી જોડાશે. આ દંપતિને ઈશ્વર આશીષિત કરે તેની માટે પ્રાર્થના કરશો.

**પશ્ચિમ બંગાળ :**

- મિશનેરી બી.એન. સામલે પ્રિસ્બેટેરીયન ચર્ચમાં ઈશ્વરના વચનો આપ્યા જેમાં ૩૦ જેટલાઓએ હાજરી આપી.
- પાંચ છોકરીઓના અને નવ છોકરાઓના પ્રેયર સેલ નિયમિત રીતે કાર્યરત છે.
- કોડુવિટા ગામમાં ઘણા જ વિશ્વાસુઓ છે પણ કોઈ ચર્ચ નથી પ્રાર્થના કરશો કે પ્રેયર શેડ (પ્રાર્થના કૂટીર) બાંધવા માટેની દરખાસ્ત કે કાર્યને આગળ ધપાવવામાં આવે.
- બ્લેસીંગ સેન્ટરની સૂચિત બ્રાન્ચ ઓફિસ શરૂ થવાની (ખુલ્લી મુકાવાની) છે, ધોશપુકુરમાં સિલિગુરી નગરથી ૨૫ કિ.મી. દૂર આવેલું છે.
- દુરગાપુરમાં સેવાની માટે દ્વારો ખુલ્લા મુકવામાં આવ્યા છે.
- મેડિવિઝન (Medivision)ની મદદથી સિલિગુરી વિસ્તારમાં મેડિકલ કેમ્પ કરવામાં આવ્યો તેની માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**સામાન્ય :**

- મિશનેરી બાળકોની માટે પ્રાર્થના કરશો. સ્તેફનની પુત્રી એન્જલ અને અન્બુ અને શીબા જેઓ ગુનાશેખરણ અને નિરમલાની પુત્રીઓ છે તેઓનું લગ્ન ગોઠવાયું છે.
- ઓરિસ્સાની પિન્કી (૧૯) માટે પ્રાર્થના કરશો. તેણીને લોહી લઈ જતી ગ્રંથીઓ વ્યવસ્થિત કામ નહી કરતી હોવાથી શસ્ત્રક્રિયા (સર્જરી) કરવી પડે તેમ છે.
- ચાર સર્જનો (શસ્ત્રક્રિયા કરનાર), બે એનેસ્થેટિસ્ટ (શીશીથી બે ભાન કરનાર) અને તેમના સંબંધિત મેડીકલ ટીમ (તમિલનાડુ) બરગાર્હ અને ઓરિસ્સા ગયા અને ૬૩ જેટલા ગરીબ દર્દીઓની શસ્ત્રક્રિયા કરી. સમર્પિત ટીમ અને મેડિવિઝન માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- શ્રીમતિ ગ્રેસ રતનાબાઈ, શ્રીમતિ ચન્દ્રલેખાની માતા અમારા થન્જાવુરના મદદનીશ સંકલનકારને ૨૫ ઓક્ટોબર ૨૦૦૮ના રોજ પ્રભુના ઘરનું તેડું મળ્યું.
- શ્રી ફેન્ની જેમણે અમને ખૂબ જ મદદ કરી. તેમનું ઈન્ડિયન રેલ્વે ટ્રાફિક સર્વિસ દ્વારા સન્માન કરવામાં આવ્યું. ઈશ્વરના મહિમા અને તેના કુટુંબ માટે પ્રાર્થના કરશો. ■

# વિશ્વાસુ રહો

- ઈશ્વરની સેવામાં **વિશ્વાસુ રહો** (ગણના ૧૨:૭; હિબ્રૂ ૩:૨-૫; ૧ તિમોથી ૧:૧૨; ૧ કરિંથી ૪:૨).
- તમારા નોકરી/ધંધામાં **વિશ્વાસુ રહો** (૧ શમુ. ૨૨:૧૪; માથ્થી ૨૪:૪૫; ૨૫:૨૧; ૧ કાળ. ૩૪:૧૨).
- તમારા દેશને એક સારા નાગરિક તરીકે **વિશ્વાસુ રહો** (૨ શમુ. ૨૦:૧૯).
- નાણાકીય બાબતોમાં **વિશ્વાસુ રહો** (૨ રાજા ૧૨:૧૫; ૨૨:૭).
- લોકો વચ્ચે ન્યાય કરવામાં **વિશ્વાસુ રહો** (૨ કાળ. ૧૯:૯).
- તમને સોંપેલ ખાનગી બાબતોમાં **વિશ્વાસુ રહો** (નીતિ. ૧૧:૧૩).
- જ્યારે સાક્ષી આપો ત્યારે **વિશ્વાસુ રહો.** જૂઠુ ન બોલો (નીતિ. ૧૪:૧૫).
- પ્રામાણિકતાથી સત્ય બોલવામાં તમારા મિત્રને **વિશ્વાસુ રહો** (નીતિ. ૨૭:૬).
- રોજબરોજની દૈહિક બાબતોમાં **વિશ્વાસુ રહો** (લૂક ૧૬:૧૦-૧૨; ૧૯:૧૭).
- તમારા જીવનસાથી (પતિ/પત્ની)ને **વિશ્વાસુ રહો** (૧ તિમોથી ૩:૧૧; માલાખી ૨:૧૫).
- તમારા માતા-પિતાને **વિશ્વાસુ રહો** (તિતસ ૧:૬)
- તમને જે જવાબદારી સોંપેલ છે તેમાં **વિશ્વાસુ રહો** (૨ તિમોથી ૨:૨).
- માનવ સેવામાં **વિશ્વાસુ રહો** (૩ યોહાન ૫).



**પ્રભુ ઈસુ ખ્રિસ્ત : ''હું તને જીવનનો મુગટ આપીશ''**


'આશીર્વાદ' માસિક, 'આશીર્વાદ યુવા મિશન'નો સંદેશ અને સેવાકાર્ય રજૂ કરે છે. આ એક આંતર મંડળીય ખ્રિસ્તી સંસ્થા છે. જે ૧૯૭૧ થી મંડળીઓમાં આત્મિક જાગૃતિ અને મિશનરી સુવાર્તાનું કાર્ય કરે છે. આ ઉપરાંત આસામી, અંગ્રેજી, બંગાળી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓરિયા, તામિલ અને તેલુગુ ભાષાઓમાં પણ પ્રકાશિત થાય છે.

Founder :
R. Stanley B.E., M.Tech.

તંત્રી તથા પ્રકાશક :-
આર. રોબિન સેમ M.Sc., B.Ed., B.Miss
''બ્લેસિંગ સેન્ટર'', પાર્ક સ્ટ્રીટ, મીશન રોડ,
નડીઆદ-૩૮૭૦૦૨
ફોન : (૦૨૬૮) ૨૫૩૨૨૩૮ (મો) ૯૪૨૭૩૮૮૩૬૧
E-mail: robin_esther@yahoo.com

For Private Circulation only

ભાષાન્તરકર્તા :
ડૉ. શાંતિકર મોહનલાલ, શ્રી નહેમ્યાહ ક્રિસ્ટીન,
ડૉ. રીટા નિર્મલકુમાર, શ્રી સંજય ટી. દુભાષ

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦/- (ભારતમાં) $ ૧૦ (વિદેશમાં)
આજીવન : આ. ૫૦૦/- (ભારતમાં) $ ૧૦૦ (વિદેશમાં)

*Published by Mr. R. Robin Sam for Blessing Ministries and printed at Tejas Printers, Desai Vago, Nadiad.*

H.Q. Address : Blessing, Post Bag 609, Vellore 632 006, India. Phone : 0416-2242943, 2248943 E-mail : bym@sancharnet.in